# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10-01-2025 Evening : 7.50 to 8.00

Day : FRIDAY National News

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

**1)** **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે ભારતીય પ્રવાસીઓ વિશ્વ સમક્ષ ભારતનું સાચું ચિત્ર રજૂ કરે છે**

**2)** **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરકારી યોજનાઓના 100 ટકા લાભ લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો**

**3)** **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સરકાર મજબૂત સંરક્ષણ ઔદ્યોગિક ઇકોસિસ્ટમ બનાવવા માટે સુધારા નીતિઓ ઘડી રહી હોવાનું જણાવ્યું**

**4)** **કેન્દ્રએ આજે રાજ્ય સરકારોને એક લાખ 73 હજાર 30 કરોડ રૂપિયાના કરવેરા ટ્રાન્સફર કર્યા**

**5)** **ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન નવેમ્બરમાં છ મહિનાની ઊંચી સપાટીએ 5.2 ટકાએ પહોંચ્યું**

**6)** **રાજકોટ ખાતે રમાયેલી આર્યલેન્ડ સામેની પહેલી મહિલા ક્રિકેટ એકદિવસીય મેચમાં ભારતનો છ વિકેટે વિજય થયો**

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE PREZ - PRAVASI BHARTIYA DIWAS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે ભારતીય પ્રવાસી સમુદાય વિશ્વ સમક્ષ ભારતનું સાચું ચિત્ર રજૂ કરે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે ભારતીય પ્રવાસી સમુદાયે દવા અને ટેકનોલોજી સહિત તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

આજે ઓડિશાના ભુવનેશ્વરમાં આયોજિત 18મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનમાં સંબોધન કરતાં રાષ્ટ્રપતિએ આ મુજબ જણાવ્યું હતું. આ અગાઉ રાષ્ટ્રપતિએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ કેટલાક પ્રવાસી ભારતીયો NRI ને પ્રવાસી ભારતીય સન્માનથી સન્માનિત પણ કર્યા હતા. કેન્દ્રીય મંત્રીઓ ડૉ. એસ. જયશંકર, જોએલ ઓરામ, ધર્મેન્દ્ર પ્રધાન, સહિત ઓડિશાના રાજ્યપાલ હરિ બાબુ કંભમપતિ, મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અને ઘણા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહ પહેલા રાષ્ટ્રપતિએ ઓડિશા પેવેલિયન સહિત વિવિધ પેવેલિયનની મુલાકાત લીધી હતી જેમાં હાથથી વણાયેલી સાડીઓ, ઉત્તમ કારીગરી અને અન્ય પરંપરાગત લલિત કલાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પેવેલિયનનો ઉદ્દેશ્ય ઓડિશાની સમૃદ્ધ સંસ્કૃતિને વૈશ્વિક પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવાનો અને તેના કલાકારો અને શિલ્પકારોને પ્રોત્સાહન આપવાનો છે.

# PM-INTERVIEW EARLY-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરકારી યોજનાઓના 100 ટકા લાભ લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સાચા સામાજિક ન્યાય અને ધર્મનિરપેક્ષતા માટે આવું કરવું જરૂરી છે. વિકસિત ભારતના ધ્યેયની રૂપરેખા આપતાં તેમણે કહ્યું કે તેઓ 2047 સુધીમાં પાણી, શૌચાલય અને વીજળી સહિતની તમામ સમસ્યાઓનો ઉકેલ લાવવા માંગે છે.

**(બાઇટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)**

શ્રી મોદીએ અગ્રણી ઉદ્યોગસાહસિક નિખિલ કામથને આપેલી એક પ્રત્યક્ષ મુલાકાતમાં આ વિચારો વ્યક્ત કરતાં વધુ જણાવ્યું કે તેઓ જાણી જોઈને કંઈ ખોટું કરવા માંગતા નથી. પ્રધાનમંત્રીએ કહ્યું કે રાજકારણમાં સફળ થવા માટે, વ્યક્તિએ સમર્પણ, પ્રતિબદ્ધતા, ઉત્તમ ટીમ સભ્ય બનવું અને હંમેશા જાહેર સેવા માટે ઉપલબ્ધ રહેવું જરૂરી છે. શ્રી મોદીએ કહ્યું કે સારા લોકોએ માત્ર મહત્વાકાંક્ષા સાથે નહીં પણ એક મિશન સાથે રાજકારણમાં જોડાવવું જોઈએ. પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યું કે એક સારા રાજકારણીએ સારા વક્તા પણ હોવું જોઈએ. તેમણે કહ્યું કે નીતિ નિર્માણમાં સામેલ વ્યક્તિ મોટા ફેરફારો લાવી શકે છે, જે વહીવટી પ્રણાલીમાં હોવાનો સૌથી મોટો ફાયદો છે.

આજના વિશ્વમાં સામાજિક મધ્યમોના મહત્વ પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ કહ્યું કે તે લોકશાહી અને તેના સશક્તિકરણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાધન છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે યુવા વિદ્યાર્થીઓ હવે સોશિયલ મીડિયામાંથી માહિતી મેળવી રહ્યા છે અને વિવિધ મુદ્દાઓમાં રસ લઈ રહ્યા છે. વર્તમાન પડકારો વિશેના પ્રશ્નના જવાબમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે વિશ્વ ભારત પર તેના નિષ્પક્ષ અભિગમને કારણે વિશ્વાસ કરે છે. શ્રી મોદીએ કહ્યું કે વર્તમાન વૈશ્વિક કટોકટી દરમિયાન, ભારતે વારંવાર કહ્યું છે કે તે શાંતિના પક્ષમાં છે.

# PM-INTERVIEW EARLY-2

શ્રી મોદીએ કહ્યું કે તેઓ માને છે કે જીવનના અનુભવો વ્યક્તિના જીવનને અર્થપૂર્ણ બનાવે છે અને તેઓ ભાગ્યશાળી હતા કે તેમણે ક્યારેય આરામનું જીવન પસંદ કર્યું નહીં. આ મુલાકાતમાં પ્રધાનમંત્રીએ તેમની જીવનયાત્રા, શિક્ષણ, રાજકીય કારકિર્દી, મેનેજમેન્ટ કૌશલ્ય અને અન્ય પાસાઓની ચર્ચા કરી.

# INDIA-CUBA ASSISTANCE

વાવાઝોડા રાફેલ બાદ ભારતે ક્યુબાને માનવતાવાદી સહાય પૂરી પાડી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, એન્ટિબાયોટિક્સ, એન્ટિ-પાયરેટિક્સ, પીડા નિવારક, ORS અને સ્નાયુઓને આરામ આપતી દવાઓ સહિતની આવશ્યક દવાઓનો જથ્થો આજે ક્યુબા મોકલવામાં આવ્યો છે.

# RAJNATH-AERO INDIA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે ભારપૂર્વક જણાવ્યું છે કે સરકાર મજબૂત સંરક્ષણ ઔદ્યોગિક ઇકોસિસ્ટમ બનાવવા માટે સુધારાવાદી નીતિઓ ઘડી રહી છે. જેનો ઉદ્દેશ્ય ટેકનોલોજી સ્તરે આત્મનિર્ભરતા અને સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

એરો ઈન્ડિયા 2025 અગાઉ નવી દિલ્હીમાં રાજદૂતો સાથે એક ગોળમેજી પરિષદની અધ્યક્ષતા કરતા રાજનાથ સિંહે સંરક્ષણ અને હવાઈ ક્ષેત્રોમાં દેશની પ્રગતિ પર પ્રકાશ પાડ્યો અને અત્યાધુનિક ટેકનોલોજીના સફળ વિકાસ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે ભારત એવા થોડા દેશોમાંનો એક છે જે લડાયક વિમાન, પરમાણુ સબમરીન, વિશિષ્ટ યુદ્ધ ટેન્ક અને  આંતરખંડીય બેલિસ્ટિક મિસાઇલોના વિકાસ અને ઉત્પાદનમાં રોકાયેલો છે. તેમણે એમ પણ કહ્યું કે C-295 વિમાનના ઉત્પાદન માટેની સુવિધાઓ ઉપલબ્ધ છે જે સંરક્ષણ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રત્યે દેશની પ્રતિબદ્ધતા દર્શાવે છે. શ્રી સિંહે જણાવ્યું હતું કે ભારતમાં વ્યવસાય અને ભાગીદાર સ્થાપિત કરવા ઇચ્છતી વિદેશી કંપનીઓ માટે ઉડ્ડયન અને સંરક્ષણ ક્ષેત્રોમાં અસંખ્ય તકો ઉપલબ્ધ છે.

દેશમાં પ્રગતિશીલ વૈશ્વિક સુરક્ષા વાતાવરણનો ઉલ્લેખ કરતા, શ્રી સિંહે શાંતિ અને સમૃદ્ધિ માટે સામૂહિક રીતે કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે વિશ્વના તમામ દેશોએ ભૌગોલિક તણાવને ઉકેલવા અને આર્થિક અને તકનીકી તકોનો લાભ લેવા માટે સાથે મળીને કામ કરવાની જરૂર છે.

# ISRO-CHAIRMAN

**ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઇસરો) ના અધ્યક્ષ એસ સોમનાથે કહ્યું છે કે સ્પેસ ડોકીંગ એટલે કે અવકાશમાં બે ઉપગ્રહોને જોડવાના પ્રયોગની તારીખ થોડા દિવસોમાં નક્કી કરવામાં આવશે. આકાશવાણી સમાચાર સાથેની એક ખાસ મુલાકાતમાં તેમણે કહ્યું કે ઉપગ્રહો સુરક્ષિત છે અને આ પ્રયોગની તારીખ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે.**

**તેમણે કહ્યું કે જાન્યુઆરીના અંતમાં નિર્ધારિત નાવિક ઇસરો દ્વારા 100મું ઉપગ્રહ પ્રક્ષેપણ હશે. આ મુલાકાત આજે રાત્રે સાવ નવ વાગ્યે આકાશવાણી એફએમ ગોલ્ડ 100.1 મેગાહર્ટ્ઝ પર પ્રસારિત થશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# GOVERNMENT-TAX DEVOLUTION

કેન્દ્રએ આજે રાજ્ય સરકારોને એક લાખ 73 હજાર 30 કરોડ રૂપિયાના કરવેરા ટ્રાન્સફર કર્યા. અગાઉ, ડિસેમ્બર 2024 માં 89 હજાર 86 કરોડ રૂપિયાની કરવેરા રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. એક નિવેદનમાં, નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આ મહિને રાજ્યોને તેમના મૂડી ખર્ચમાં વધારો કરવા અને વિકાસ અને કલ્યાણ ખર્ચને નાણાં પૂરા પાડવા સક્ષમ બનાવવા માટે વધુ ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવી રહ્યું છે. ઉત્તરપ્રદેશને સૌથી વધુ હિસ્સો 31 હજાર કરોડથી વધુ ટ્રાન્સફર કરાયા, ત્યારબાદ બિહાર અને મધ્યપ્રદેશનો ક્રમ આવે છે.

# IIP INDEX

ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન નવેમ્બરમાં છ મહિનાની ઊંચી સપાટીએ 5.2 ટકાએ પહોંચ્યું, જે ઓક્ટોબરમાં 3.5 ટકા હતું. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા આ આંકડા જાહેર કરાયા હતા..

ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકના ત્રણ મુખ્ય ઘટકોમાં, નવેમ્બરમાં ઉત્પાદન ઉત્પાદન 5.8 ટકા વધ્યું, જ્યારે વીજળી ઉત્પાદનમાં 4.4 ટકાનો વધારો થયો અને ખાણકામ પ્રવૃત્તિમાં 1.9 ટકાનો વધારો થયો છે..

નવેમ્બર 2023 ની સરખામણીમાં નવેમ્બર 2024 માં ઉપયોગ-આધારિત વર્ગીકરણ મુજબ IIP નો અનુરૂપ વૃદ્ધિ દર પ્રાથમિક ઉત્પાદનમાં 2.7 ટકા, મૂડીમાં 9 ટકા, મધ્યવર્તીમાં 5 ટકા, માળખાગત સુવિધાઓ અથવા બાંધકામ ઉત્પાદનમાં 10 ટકા, ગ્રાહક ટકાઉ વસ્તુઓમાં 13.1 ટકા અને ગ્રાહક બિન-ટકાઉમાં 0.6 ટકા રહ્યો છે.

# ANUPRIYA PATEL - HINDI DIWAS

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું છે કે વિવિધ દેશોના વધુને વધુ લોકો હિન્દી શીખવા માંગે છે, જેના કારણે હિન્દી ભાષાનો વૈશ્વિક સ્તરે વ્યાપ વધી છે. આજે નવી દિલ્હીમાં વિશ્વ હિન્દી દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું કે હિન્દી ફક્ત ભાષાનું માધ્યમ નથી પરંતુ તે એકતાનો તાંતણો છે જે દેશને એક સાથે રાખે છે. તેમણે કહ્યું કે માહિતીના વધુ સારા પ્રસાર માટે સરકારના કામકાજમાં હિન્દીને સક્રિયપણે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

# WOMEN ONEDAY CRICKET

રાજકોટ ખાતે રમાયેલી આર્યલેન્ડ સામેની પહેલી મહિલા ક્રિકેટ એકદિવસીય મેચમાં ભારતનો છ વિકેટે વિજય થયો હતો..પ્રતિકા રાવલના આક્રમક 89, તેજલ હસાબનીસના 53 તેમજ કેપ્ટન સ્મૃતિ મંધાનાના 41 રનની મદદથી ભારતે વિજય મેળવ્યો હતો..ટોસ જીતીને પ્રવાસી આર્યલેન્ડની ટીમે નિર્ધારીત પચાસ ઓવરમાં સાત વિકેટે 238 રન કર્યા હતા. પ્લેયર ઓફ ધ મેચ પ્રતિકા રાવલને જાહેર કરાઇ હતી.

# J&K: PORTAL

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આજે જમ્મુના સિવિલ સચિવાલય ખાતે જમ્મુ અને કાશ્મીર માહિતી અધિકાર - RTI ઓનલાઈન પોર્ટલ લોન્ચ કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પોર્ટલ દ્વારા લોકોને સરકારી માહિતી સરળતાથી ઉપલબ્ધ થશે. આનાથી નાગરિકોને ઝડપથી, પારદર્શક રીતે અને ઓછા ખર્ચે માહિતી ઉપલબ્ધ થશે. શ્રી અબ્દુલ્લાએ સંબંધિત અધિકારીઓને આ પહેલ વિશેની માહિતી શક્ય તેટલા વધુ લોકો સુધી પહોંચાડવા જણાવ્યું જેથી લોકો તેનો લાભ લઈ શકે.